શ્રીકૃષ્ણ ભગવાનનો પરમ ભક્ત

નરસિંહ મહેતો

નાટકના ઑપેરા.

॥ વાંકાનેર આર્ય હિતવર્ધક નાટક કંપની માટે

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવળ ત્રંબકલાલ દેવશંકર.

શ્રી વાંકાનેર આ. હિ. વ. ના. કં. ના માલેક.

મુંબાઈ

આવૃત્તિ ૧૧ મી. પ્રત ૫૦૦૦

સંવત ૧૯૭૩. સન ૧૯૧૭.

અમદાવાદ શહાપુર વનમાળી વાંકાની પોળમાં હરિભાઈ હરજીવનરામે પોતાના "ગ્રન્થોદય" પ્રેસમાં છાપ્યો.

કીંમત રૂ. ૦-૨-૦.

શ્રીકૃષ્ણ ભગવાનના પરમ ભક્ત

નરસિંહ મહેતાના નાટકનો ટુંકસાર.

અંક પહેલો.

પ્ર. ૧ લો–નટી અને સુત્રધારની વાતચીતથી વસ્તુ સુચન.

પ્ર. ૨ જો–સારંગધરની ખટપટ લહેરચંદની પરોક્ષ રીતે ભલાઈ, નરસિંહ મહેતાના કુટુંબની ધીરજ અને અનંતરાય તરફથી નરસિંહ મહેતાના કુટુંબને તિરસ્કાર.

પ્ર. ૩ જો–લોભીલાલનો લોભ, ભદ્રશાળાની ભલાઈ અને લહેરચંદ તરફથી નરસિંહરામના કુટુંબને મળતો આશ્રય.

પ્ર. ૪ થો–ભરવાડ સારંગધર અને લહેરચંદ વચ્ચે ભક્તિનું ખંડન મંડન તથા નરસિંહરામના સાત અપવાસથી ગોપનાથ મહાદેવનું પ્રસન્ન થવું.

પ્ર. ૫ મો–કુંવરબાઇનું સાસરે જવું, ભાઇ બ્હેનનો પ્યાર. માતાનો વાત્સલ્ય ભાવ, લ્હેરચંદની ભલાઇ અને સારંગધરની બુરાઈ.

પ્ર. ૬ ઠ્ઠો–કાનગોપીનું રાસમંડળ અને નરસિંહરામને વરદાન મળવું.

પ્ર. ૭ મો–લોભીલાલનો હાસ્યરસ ભરેલો લોભ.

પ્ર. ૮ મો–તાના રીરી સાથે જુડીબાઇની નિર્દોષ રમત તથા મદન-મહેતે દિક્ષિત પંડયાને જુડીબાઇનું વેવિશાળ કરવા મોકલવો.

પ્ર. ૯ મો–નરસિંહરામની ઉદારતા, સારંગધરની નીચતા, લ્હેરચંદે નિરપક્ષપાત રહી કરેલો ન્યાય, નરસિંહરામે ઢેડને ત્યાં ભજન

ગાવા હા પાડવી જેથી સારંગધરે તેને નાતબહાર કરવા વિચાર કરવો. દિક્ષિતે આવી પ્રભૂની માયાથી નાગરના છોકરાઓને નાપાસ કરી નરસિંહરામને ત્યાં જવું.

પ્ર. ૧૦ મો—સારંગધરે મહારાજા માંડળિક પાસે નરસિંહરામ માટે ફરિયાદ કરવી.

પ્ર. ૧૧ મો—પ્રભુની ભકિતમાં ભાન ભુલેલા નરસિંહરામના પુત્ર સામળશાનું પ્રભુએ વાણીયાના વેશથી સગપણ કરવું અને સારંગધર તથા લોભીલાલની સમક્ષ અંતરીક્ષથી રૂપા મોહોરો આપવી.

અંક બીજો.

પ્ર. ૧ લો—નરસિંહરામના દીકરા સાથે જુડીબાઇનું સગપણ કર્યું, જેથી મદનમહેતાએ નારાજ થઈ નરસિંહરામથી લાવી શકાય નહીં તેવી સામગ્રી સાથે જાન લાવવા નાગરની શીખવણીથી પત્ર લખી દીક્ષીતને મોકલવો.

પ્ર. ૨ જો—મદનમેતાનો કાગળ વાંચી નરસિંહરામે પ્રભુની સહાયતાથી તૈયારી કરવી અને માંડળીકની પરિક્ષામાં નિર્લોભી ઠરવું. શામળશાની જાન જોડવી.

પ્ર. ૩ જો—શ્રીકૃષ્ણ ભગવાને રીસાયલી ગોપીઓને મનાવી જાન જોડવા તૈયારી કરવી.

પ્ર. ૪ થો—નરસિંહરામની જાન જોઇ સારંગધરે મશ્કરી કરવી ત્યાં યાદવકુળ સાથે કૃષ્ણ ભગવાને આવવું. કુંવરબાઇનું રીસાવું અને પ્રભૂએ તેનું મન મનાવવું વિગેરે.

પ્ર. ૫ મો—જાન જોઇ મદનમહેતાનો પસ્તાવો રાજા પદ્મસેનનું આવવું મદનમહેતાને ધીરજ દેવી અને શામળશાના વિવાહ થવા વિગેરે.

પ્ર. ૬ ઠ્ઠો—નરસિંહમહેતે તાના રીરીને વરદાન દેવું. જુડીબાઇએ સખીઓ સાથે ગરબો ગાવો તથા શામળશા સાથે વિનોદ વાત કરવી, નરસિંહરામે જાત્રાળુને હુંડી લખી આપવી અને માણેકબાઇનું મરણ થવું.

પ્ર. ૭ મો—લોભીલાલે જીવણગોરને મરવા પડેલી ગાય દાનમાં આપી મરણને શરણ થવું.

પ્ર. ૮ મો—નાગર જ્ઞાતિએ નરસિંહરામને જમવા નોતરી ભાણાપરથી ઉઠાડવો જેથી શ્રીકૃષ્ણ ભગવાને કોપ કરી નાગર જ્ઞાતિમાં ઢેડ બતાવવા.

પ્ર. ૯ મો—લોભીલાલને પુન્યના બદલામાં બે ઘડી કામદુગ્ધા સોંપવી અને લોભીલાલે ધર્મરાજાને શીંગડે મારવા હુકમ કરવો જેથી આગળ ધર્મરાજા અને પાછળ કામદુગ્ધા, તેની પાછળ લોભીલાલે નાસવું.

પ્ર. ૧૦ મો—ધર્મરાજાએ વિષ્ણુ શરણે જવું ત્યાં બે ઘડી પૂરી થવી લોભીલાલને પાપની શીક્ષા કરવા તૈયારી. લોભીલાલે ડહાપણથી પાપમુક્ત થવું.

અંક ત્રીજો.

પ્ર. ૧ લો—કુંવરબાઈનું સીમંત, સાસુ નણંદ તથા જેઠાણીની ક્રૂરતા અને કુંવરબાઈની નમ્રતા.

પ્ર. ૨ જો—નરસિંહરામને વિષયલંપટ કરવા સારંગધરે ફુલકીને મોકલવી.

પ્ર. ૩ જો–શ્રીકૃષ્ણ ભગવાને શામળશાના રૂપથી જાત્રાળુને હુંડીના રૂપિયા આપવા.

પ્ર. ૪ થો–પુત્રકીનો ફરેબ નરસિંહરામનું જીતેન્દ્રિયપણું અને કુંવરબાઇને મામેરૂં કરવા તૈયારી.

પ્ર. ૫ મો–કુંવરબાઈ માથે તેના પતિ વસંતરાયનો જુલમ અને કુંવરબાઈની ધીરજ.

પ્ર. ૬ ઠ્ઠો–નરસિંહરામની નાગરોએ મશ્કરી કરવી. નરસિંહરામે પ્રભુ પાસેથી વરસાદ વાટે પાણી લેવું. નરસિંહરામની દઢતા જોઈ શ્રીકૃષ્ણે દામોદર દોશીના રૂપથી કુંવરબાઇને મામેરૂં કરવું તથા અંતે ભજન ગાઈ આકાશ વાટેથી ઓછો રહેલો કમખો મંગાવવો વગેરે.

પ્ર. ૭ મો–સારંગધર તથા અનંતરાયે નરસિંહરામની નીંદા કરવી. સારંગધરને સર્પ ડંશ થવો. નરસિંહરામે આરામ કરવો છતાં સારંગધરે નરસિંહરામના મામાને સાથે લઇ ભજનમાં ભંગ પાડવા જવું.

પ્ર. ૮ મો–સંન્યાસી રામભક્ત તથા શૈવોએ મળી નરસિંહરામ સાથે માંડળિકની સભામાં ધર્મ સંબંધી વિવાદ કરવો તેમાં સંન્યાસીની ખોટી વાકયપટુતાથી તથા સારંગધરની ખોટી ફરીયાદીથી માંડળિકે નરસિંહરામને કેદ કરવો.

પ્ર. ૯ મો–નરસિંહરામને માંડળિક મારવા તૈયાર થયો જેથી પ્રભુએ કેદારો છોડાવવો, લહેરચંદે ખબર આપવી, નરસિંહરામે કેદારો ગાવો, પ્રભુએ આવી નરસિંહરામને હાર આપવો, સૌ સૌની ભાવના મુજબ દર્શન દેવાં, સજ્જનને વરદાન આપવાં વગેરે. **शान्ति ! शान्ति !!**

પાત્રોનાં નામ.

સુત્રધાર, નટી—નાટયકાર સ્ત્રી પુરૂષ.

નરસિંહરામ—શ્રીકૃષ્ણ ભગવાનનો પરમ ભક્ત જુનાગઢ નિવાસી નાગર.

અનંતરાય—નરસિંહ મહેતાનો સહોદર વડીલ ભાઈ.

સારંગધર—અનંતરાયનો સાળો અને કમળાનો ભાઈ.

હરચંદ—લોભીલાલનો દિકરો કોઇ સાધુ સેવી વાણિયો.

માણેક—નરસિંહ મહેતાની સ્ત્રી.

કમળા—નરસિંહ મહેતાની ભોજાઈ અનંતરાયની વહુ.

કુંવરબાઈ—નરસિંહ મહેતાની દીકરી.

શામળશા—નરસિંહ મહેતાનો દીકરો.

ભદ્રશીલા—લોભીલાલની સ્ત્રી અને હરચંદની મા.

લોભીલાલ—મહાન લોભી વાણીયો હરચંદનો બાપ.

બોખલો—શ્રીરંગધરનો ગોર, વડનગર નિવાસી.

મદનમહેતો—જુડીબાઈનો બાપ શામળશાનો સસરો.

માનબાઈ—મદનમહેતાની સ્ત્રી જુડીબાઈની મા.

જુડીબાઈ—શામળશાની સ્ત્રી મદનમહેતાની દીકરી.

તાના, રીરી—જુડીબાઈની સહીયરો અને નરસિંહ મહેતાની શિષ્યા શ્રેષ્ઠ ગાનારીઓ.

દિક્ષીત—મદનમહેતાનો ગોર વડનગર નિવાસી વિપ્ર.

શ્રીકૃષ્ણ—પરમાત્માનો દ્વાપરમાં થએલો અવતાર.

રાધા—મહામાયા જગતજનુની શ્રીકૃષ્ણની સ્ત્રી.

માંડળિક—જુનાગઢનો રાજા.

પદ્મસેન—વડનગરનો રાજા.

છબલ—શ્રીરંગધરની દીકરી કુંવરબાઈની નણંદ.

ધર્મરાજા—મૃત્યુલોકના જીવનો ન્યાય કરનાર ન્યાયાધિશ.

વિષ્ણુ—સત્વગુણના અધિકારી ક્ષીરસાગરવાસી પ્રભુ.

પાનકુંવર—શ્રીરંગધરની વહુ કુંવરબાઇની સાસુ.

રામકુંવર—શ્રીરંગધરની પુત્રવધુ કુંવરબાઈની જેઠાણી.

શ્રીરંગધર—નરસિંહરામનો વેવાઈ કુંવરબાઇનો સસરો.

ભરવાડ, સાધુઓ, નાગરો, ગોપીઓ, શંકર, જાનૈયા, જાત્રાળુ, ભીમ, સુખાનંદ, વસંતરાય, સન્યાસી, ભીમડો, શૈવી, રાજમાતા વિગેરે.

શ્રીકૃષ્ણ ભગવાનનો પરમ ભક્ત

નરસિંહ મહેતો

નાટકનાં ગાયનો.

અંક ૧ લો.

સુત્રધાર— ૧

તારણ વિભુ સુખ આગાર, ધારણ ધરણી ધીરથી ભાર
ખળ દળ ગંજન વિચાર વરદા કારદા કારણ.........તારણ.
અકળ, અગમ્ય, કરણી રમ્ય નિગમ વંદિત વારવાર
મંગલ કરણ પ્રધાને સત, સાર સાર..................તારણ.

નટી— ૨

વ્રજવાસી અવિનાસી, વિહારી મોરારી (૨)
માસી મારી, દાસી તારી પુતનાને કુબ્જા ....વ્રજ.
વૃંદાવનમાં ધેનું ચારી, આહિર કિધાં સહચારી
મૈયારીનાં મહી લુંટયાં ગોવરધન તોળ્યો ગીરધારી
સોળ સહસ્ત્રથિ રંગે રમી, છતાં ગણાયા બ્રહ્મચારી......વ્રજ.

૩

અનંતરાય, સારંગધર, કમળા— } નફટ નિર્લજ નકટા નરસૈયાની નારી નીકળ તારી વેજા લહી

માણેક—જાતાં જાનાંમાં કાં માતાજી મારો છો મેગુંડેગું હવે હર્ થઈ

કુંવરબાઈ, } કરડી આંખો શાને માટે કરો છો, ભુંડાઇનો
શામળશા— } ભાર ભાભુ ભરો છો

અનંતરાય,
સારંગધર, } અભાગીને પેટે પડયાં શું જઈ........નફ્ટ.
કુમળા—

લહેરચંદ— તમે અભાગી એ છે સુભાગી,

અનંતરાય,
સારંગધર, } તારી પણ સાથે શુદ્ધિ બુદ્ધિ ગઈ.........નફ્ટ.
કુમળા—

કુંવરબાઇ, } છાતીમાં ધાલ્યાં પ્રીતેથી પાળ્યાં ઓચીંતી
શામળશા— } આવી મતી શાથી થઈ.

અનંતરાય, } ખાતાં ને પીતાં એ લાલાં વિત્યાં જાઓ
સારંગધર, } હવે પાણી હરામ કહી.....................નફ્ટ.
કુમળા—

લોભીલાલ, લહેરચંદ— ૪

લોભીલાલ—માથું કુટીને મર પણ નહીં દઉં જર ઉડાવા (કોડી એક)

લહેરચંદ—ખુબ ખરચો જર આવ્યો અવસર

લોભીલાલ—થઇ આવા........(અંતે તો)

લહેરચંદ—ખરેખર છો પથ્થર

લોભીલાલ—બુડી મર, બુડી મર

લહેરચંદ—હેં ?

લોભીલાલ—હા હા ! પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ
પૈસો આપે દિનને તેનું જાય સત્યાનાશ.

લહેરચંદ—આવો ધરમ જગ ફેલસે, ભાર કેમ માતાજી ઝીલશે

લોભીલાલ—નનામિમાં વિત્ત મેલશે, ફુલકું ભાવીનું ખીલશે.

લહેરચંદ—હેં ?

૭૨૩૬

લહેરચંદ, સારંગધર, ભરવાડ–૫

લહેરચંદ–ધરણીમાં વ્યાપક જળ સ્થળે શ્રી જગતનાથ છે
સુજનને ફળ ખળને સજા તેને હાથ છે
ભક્તને સુખે સુખી દુઃખે દુઃખી દયાળુ થાય છે
દુષ્ટને કરી કજા સુખી પ્રજા કરવા ધાય છે—ધરણીમાં.

સારંગધર–પુન્ય પાપ એ મનથી માન્યા, પોથાં થોથાં જાણો
મરજી મુજબ ચાલી જગમાં મોજમજાને માણો.

ભરવાડ—ઠાલા ભુલ્લા ડાકર હારૂ બાઝી કાં મરો
બાઝી કાં મરો એ મુરખા કજીઆ કાં કરો—ઠાલા.
હડકાયા થઈ હડીયું કાઢો, ઠામે ના ઠરો
હાસો દલ્લનો ભાવ હોય તો ક્યાં સેઈ પરો—ઠાલા.

લહેરચંદ–ધરણીમાં વ્યાપક જળ સ્થળે શ્રી જગતનાથ છે.

શામળ— ૬

મુજને તજી નહિ જા, પ્યારી એ બ્હેની
વીર વીર કહેતી બચીઓ લેતી થા તું નમેરી કાં–પ્યારી.
રમી મુજ સંગે જમી ઉછરંગે, હવે પંખીડી ન થા–પ્યારી.

કુંવરબાઈ— ૭

પુરણ પામી પ્રીતેથી શણગાર, પુજું પુરૂષોત્તમ નિરધાર;
હીર ચીર પટહાટક હીરા, ઓછું અંગ ઓપાવે (માત)
એથી અધીકું અંગ ઓપાવે, હરિ કીરતન જો જીવ્હાપરે આવે.
કૃષ્ણ નામનાં કંકણ રૂડાં હરિ નામના હારો (માત)
ચીર ચત્રભુજ નામ તણાં સુ પિયરથી એ કરીઆવર મારો–પુરણ.

કૃષ્ણ, શંકર, નરસિંહ—   ૮

કૃષ્ણ—હર હર હર આપ દરશ, પામી થયાં શીત નયનો
અતિ જગ ભ્રમ હરણહાર.........................પામી.
આપ ચરણકમળ ખાસ, તજે નહિ મન મધુપ પાસ;
આશીશ ઇચ્છે છે એવી દાસ.....................પામી.

શંકર—મુજ મન માનસરમરાલ, થઈ રહો સદા પ્રણતપાલ
તો હું માનીશ કર્યો નીહાલ....................

કૃષ્ણ—..હર હર હર.

નરસિંહ—હરિ હર પ્રભુ દિનદયાળ, ચાહું નહિ ધન દારા કે બાળ
શરણ લ્યોને ત્રોડી જંજાળ.

કૃષ્ણ—..હર હર હર.

કૃષ્ણ, ગોપીઓ—   ૯

નાચો નાચો આલી મોરી તાતા થઇ તાતા થઈ
ગાઓ ગાઓ સંગીત સુધારી
લયશ્રુતિ ગ્રામકો બિચારી પેં વારી, જેસી રીતિ વ્હેસી પ્રીતિ
છાંડો ભીતિ રાસ રચો........નાચો.
તનન તનન તાના તોમ તાના તદેરે, વા કેસી સોહે
બ્રહ્માદિ મોહે ઓ નભચારી, શુદ્ધિ બિસારી
ગૌ ત્રણ ત્યાગ્યો લ્યાં મન રાગ્યો, જ્યોં સુધા પાયો
રાસ રચ્યો....................નાચો.
ગાન તાન છાઇ રહો વૃજમેં સરિતાકો નીર અચલ ભયો
મુદ છવાઈ રહ્યો, આજ રંગ રાગ ઉમંગ ભયો
દિન યહિ ધન્ય હે ત્રિલોકીમેં એસો કહું દિન નહિ એહે પ્યારી.

સારેગમ.

સાસાનીરે સાની ધપ ગરે ગમ ગરેસા પનીસા પનીસા
સારે ધનીસા ધનીસા રેગમ પધ નીધપ
નીધપ ગરેગરેની સાની સારેગ
ધની સારેગમ ગરેસાનીની સાધપમગ પમગરે મગરેસાની સારેગ
ધની ધની સારીધપગ, ધપ ગરેસા, સાગરેસા
નીનીરેશાનીધ, ધસાનીધપ, પનીધપમ, મધપમગ,
ગપમ ગરે, રેમ ગરેસા.........નીસારેગ.
સાસા રેરે ગગમરે ગમપ ધધની નીપપ નીધપપ ગધપમગ
સારેગ સાસા રેરે નીનીરેસા નીધપ સાનીધપ
ગપધ સાનીધધ મગરેસા........નીસારેગ.

લોભીલાલ, લહેરચંદ— ૧૦

લોભીલાલ—ડાંડ મારીને મોઢું રાતું રખાય કેમ
(માનું એમ હરિ હેમ)

લહેરચંદ—(નરકે જવાનો એ નેમ)
માયામહીં લપટાઇરે ખતા ખાશો કાકા ખાંતથી

લોભીલાલ—(એક) પાઇ દેતાં આરે મને વાઇરે

લહેરચંદ—ખતા ખાશો કાકા ખાંતથી

લોભીલાલ—ફોગટ જામાં ફાટી જાગન તારી માનુ માંટી

લહેરચંદ—(સાડી બુદ્ધિ નાડી બુઢ્ઢા દશા દેખું છું માડી)

લોભીલાલ—તું બાળ થયો કાં કાળ ઓઢી ચોફાળ રહું મોં વાળી (૨)
કાં કપુત નીકળ્યો પૂત ખરે જમ દુત.

લહેરચંદ—વાહ! વાહ! વાહજી! વાહ! વાહ! વાહજી! જીજીજીજી

જુઠીબાઈ, રીરી— ૧૧

જુઠી૦—માણો મોહન જામનીઉં જાયે દુર
રીરી—તારાં નયનોનાં બાણુ મારૂં ભેદે ઉર
જુઠી૦—મીઠું મનહર મુખડું મયંક છેરે
રીરી—તારી સિંહકટી સરખી લંક છેરે
જુઠી૦—આપ રતિપતિ નાથ સમ ઓપતારે
રીરી—તારા દાડમ કળી જેવા દાંત શોભતારે
રૂડી રંભ થંભ સરખી જંઘ છેરે
જુઠી૦—..............................માણો.

કૃષ્ણ— ૧૨

વાહ ! મુજ દાસ પુરણ પાસ
જગત સકળની તજી દીધી આશ
સદા શીતળ કર કેરૂં ચકોર સુંદર સુ પાન કરતા
અતિ નયન ઉરશું નરસિંહ મુજ મુખ ઉપર વારતા
ધરી ધીરજ ઉર માંહ્ય શ્રવણુ શુભ મૃગ સ્વર ઉતારતા
ગણી પરમ મમ નામ ભક્ત અંતર અચળ ધારતા—વાહ !

સ્ત્રીઓ— ૧૩

આજ મારે અનુપમ અવસર આવ્યો અતિ આનંદમયરે
મોતી મણિયે ચોકજ પૂર્યાં દધિ કુસુમમયરે
કરમાં શ્રીફળ કનક તણું વીર શામળશાનેરે
પાટ ઉપરે નયને નિરખી મનડું માનેરે——આજ મારે.
તોરણ આસોપાલવ કેરાં દ્વારે લટકેરે
સુખ અતિશય મુખથી કહેતાં વાણી અટકેરે
મળી માનુની સહુ મંગળ ગાએ મુદભર મનહરરે
મુખ નીરખી માણેકબાઈ વારે તન પરરે——આજ મારે.

નરસિંહ, શામળશા વગેરે-૧૪

વાલા વેગે આવોરે દયા દિલે લાવોરે, બીડું મારી ભાંગવા હોજી
નહિ આવો તો છાનાં ઉઘાડું બધાં છીદ્ર............વાલા.

આહેરડામાં ઉછર્યા ગોવાળિયામાં વાસ,
કાંધે કાળી કામળી માગી પીતા છાશ;
માતા કેદે મૂકીયાં, પૂરો મારી આશ,
....................હું રાખું તમથી દાવોરે.........બીડું.

એ માના એ બાપના નકટા નિર્લજ બાળ,
મહી માંખણના ચોરટા કંસ તણા હે કાળ;
સોડ તજી રાધા તણી દુરિજન આપે આળ,
....................ધીરા વેગે ધાઓરે............બીડું.

અંક ૨ જો.

જુઠીબાઇ— ૧૫

લખ્યા વિધિના ફરે નવ લેખ, થાયે તેવું જેવા કરમે રેખ—લખ્યા
સુર્યવંશી રાજાઓ "હરિશ્ચંદ્ર" જેનું નામ
પુત્ર પત્નિ વેચીયાં (જેણે) પોતે વેચાયો નિચ ધામ (સત્યકાજ)
બળી બંધાયો વચનથી જેણે કીધા યજ્ઞ અપાર
વામનજીયે ચાંપીયો (જેને) પોતે રહ્યા તેને દ્વાર (ત્રણે દેવો)

નરસિંહરામ— ૧૬

વાલા મારા કાંડું ઝાલીને દેમાં મને છેહરે. હો.
સરવાળો સાંધે નાથ.............
સ્વામી મારા મેંતો સોંપી છે તને મારી દેહરે. હો સરવાળો.
સખી ભાવથી મેં ભજ્યો, નર થયો નારી રૂપ
ત્યારે તેં વર આપીયો, પાળ ત્રિભુવન ભૂપ. હો સરવાળો.
મેં નથી માર્યા માવલા તારાં માને બાપ
મરણ પામીયાં મોતથી, નિવાર મારા તાપ. હો સરવાળો.

કુંવરબાઇ તથા શામળશા—૧૭

વારી વારી શું શોભે છે વીરો, બીજા પાંચાકાને પોતે હીરો
પીરસું બોઆલીયે ખાંડું ને ખીરો, દેશે બેનીને બહુ હીર ચીરો
ધરણીધરનો સેવક સદા ધીરો, જેને નિરખીને લાજે અમીરો—વારી.

શામળશા—શુભ ચાહક જગવિરનું બહેન વિના નહી કોય:
કુંવરબાઈ—વંશ વધારક નાતના, દીર્ઘાયુ તવ હોય.

શામળશા—આપ તું આશીશ સુખડાં પામીશ, દુખડાં વામીશ બ્હેન,

કુંવરબાઇ—..........વારી વારી.

શામળશા—ધન ધન મારી બેનડી, વિણ સ્વારથ તુજ પેર;

કુંવરબાઈ—સ્વારથ સહુ સંસારમાં, નહી નરસિંહને ઘેર.

શામળશા—સાચી સાચી પ્રીત ચોટી તારે ચિત્ત ગા તું મને ગીત બ્હેન.

કુંવરબાઇ—.............વારી વારી.

માંડળીક— ૧૮

વારે વા વારે વા જેવી રહે લાગી હરિમાં
કપુર મળ્યું મરીમાં વાસરી સિંધુમાં વારે વા.
હરિ હરિના દાસો તે એક રૂપ છે, હરી સિંધુ દાસો મેઘ જેવા
દાસો વાયુ શ્રીખંડ તરૂ હરિ છે. વારે વા.
દયા દિનતા સદાય વસી ઉર છે, તરૂવર સરોવર સંતે;
નીજ દેહી પરમારથે ધરી છે. વારે વા.

કૃષ્ણ, રાધા, જાંબુવંતી, સત્યભામા-૧૯

ત્રણે—હરિ જાઓ જાઓ છોડો છોડો માનીતીને બોલાવોને સ્યામ

જાંબુ૦-હવે નહી બોલું મારો ઘુંઘટો ન ખોલું મુકો નામ

કૃષ્ણ—વ્હાલી મારી ઠાલી ભુલી હઠ કરી હઠે શું ભરાય
નહી સોહાય, નહી સોહાય, નહી સોહાય

ત્રણે—.............છોડો હાથને...........જાઓજી જાઓ.

જાંબુ૦-ઉજળુ એટલું દુધ જાણીને ઠગાઇ બાઈ

રાધા—લીલુડા તે મગડા મેં માન્યા સખિ ભુલી ગઇ

કૃષ્ણ—કહી મારી ભૂલ હોય મારી દેવી જોઇયે તોય
ત્રીજે કાને સુણે કોય જરાતો વિચારી જોય

ત્રણે—(ત્યારે શું અમે નથી લાયક)

કૃષ્ણ—શાણી જાણી હવે વાણી તમારી મેં સોંપુ સહુને કામ

ત્રણે—આધીન રહીને ચાલો જો સ્વામી તો રીસાવું શું કામ

રાધા—વિગતેથી વહેંચી આપો વ્હાલા મારા અધિકાર
જાણીયે જરૂર તો તો પૂરેપૂરો રાખ્યો પ્યાર

કૃષ્ણ—સત્યભામા તેડી જાય, રાધિકાજી ગીત ગાય
જાંબુવંતી વાયુ વાય, લક્ષ્મીજી દીપક સાહ્ય.

શામળશા, કુંવરબાઇ— ૨૦

માતા રાણી રાધિકા પિતા જગત પ્રતિપાળ
સાચાં એજ સંબંધીઓ બીજી આળ પંપાળ

જગતણી અટપટી ખટપટ છોડી નાથજી નામનારે (૨)
હાર હૈયે હોંશે ધારીયા છે (રૂડા)
સ્વારથી સંગ છોડયો નાથથી નેહ જોડયો
પાપનાં પુતળાં સંસારીયા છે (કુડાં)
પૈસા માટે પાળતાં સહુ સંસારી સ્નેહ
પ્રાણસંગ સ્વારથ ગયો, કરે દેહની ખેહ
દોષ નજરેથી દેખી પ્રીત પ્રપંચી પેખી
તાપ ત્રિવિધના નિવારીયા છે (ઝેરી)
ઢાલ ધીરજની ધારી ભાલું ભકતીનું મારી
માન મદ મોહ મનથી મારિયાં છે (વેરી જગતણી.)

સ્ત્રીઓ— ૨૧

એક ખેડયારે ખેતરનીરે ખીજડ વાપરીરે
એક તેનોને ઘડાવ્યોરે માણુકથંભ
વનમાળીરે કેરો માંડવોરે..............ટેક
મારે મદનરાય વ્હેવારીયાની પરણે બેટડીરે
પેલા નરસિંહરામ હુંગખેડુની આવે જાન......વન.

સ્ત્રીઓ— ૨૨

વેગે હાથીડા વેવાઈ લાવેરે, માથે સોના અંબાડી ચડાવેરે
બેસે બેસેરે વાસુદેવનોનંદ પુનમ કેરો ચંદ
દીવા કેરી જ્યોત કે ભાઈ ભાઇરે અજવાળાંરે
છુટી લાપશીઉં તે રંધાવોરે, માંહી ઘીની તે રેલું ચલાવોરે
જમે જમેરે વાસુદેવનો નંદ....................પુનમ.
રૂડા ઢાળે તે વેવાઈ ઢોલીયા માથે ઓછાડ તે અણમોલીયા
પોઢે પોઢેરે વાસુદેવનો નંદ....................પુનમ.

સર્વ સાહેલીઓ— ૨૩

આજે આનંદની રેલ (૨) કાનાને મળશું વ્રજની વાટમાં
ખેલી ખાંતેથી ખેલ (૨) ઝીલીશું સરવે જમુના ઘાટમાં
મળે માર ઠાર નાર નેહથી ટળે સાવ આગ દાહ દેહથી
ઉર નહી ઉચ્યાટમાં..............................આજે.

સાખી.

શરદ પુનમની ચાંદની ખીલી છે ખુબ રંગ
રૂપેરી પટ પ્રેમથી અવની ઓઢયું અંગ

આવી રૂડી રજની રમાય, માય અંગ અંગ રંગને ઉમંગશું
કાનજી કપોલ ગોલ ન્હાય વાય પ્રિત રીત ધારશું ઉછરંગશું
સખી ગાશું ગુણિલું ગાન, લેશું મળી સહુ શુભ તાન
સુણી ભુલે મુનિવર ભાન. કરે હરી અધર તણું પાન

સાખી.

સોળ કળા પુરી સજી, ચડ્યો ચંદ્ર આકાશ;
ગરવ માનુની મુખનો, ઉતારવાને ખાસ

આવી વેળા વિતિ જો જાય પાછી ક્યારે મળેરે
એમ હરી સંગાથે મળાય જેમ લુણ પાણી ગળેરે

સાખી.

અનેક સરિતા એકઠી, મળતી સાગર સાથ
પ્રેમ લક્ષણા પાળીને મળિએ હરિ સંગાથ

જુઠીબાઇ, શામળશા— ૨૪

જુઠીબાઇ—સાચો સ્નેહી શામળો સુંદર રાધિકાનો વર
નહી તજે હવે હાથ..................સાચો.
શામળશા—સ્નેહામૃત તણું સરોવર સુખનો સાગર જડિયો જીવન સાથ
જુઠીબાઇ—હેતથી મનાવીને મોહન રાખું ઉર સાથ......સાચો.
શામળશા—પ્યાર ધારી જીભ ગાન એના ગાય વાર વાર
જુઠીબાઇ—નાથ નામનો ઉચ્ચાર ઉરમાંહી તાર તાર
શામળશા—દુઃખ ભાર ટાળનાર એજ તારનાર
જુઠીબાઇ—..............................સાચો.
શામળશા—મનહર મીઠે મુખડે, વારૂ લાખો વાર;
જુઠીબાઇ—પુરણ પ્રેમે પરખીયો, સકળ સ્નેહનો સાર. સાચો.

લહેરચંદ— ૨૫

હવે મને હરિ નામથી નેહ લાગ્યો
ભાગી ભીડ ભવનો ભય ભાગ્યોરે—હવે.
માયા મંદિર મારા મનથી મેં મુકયાં ને ઇન્દ્રિની ઓળખાણ મૂકી
હેમ હીરાથી હાર મહેલા જે ચાલ્યો તે ઉપર મુખે થુંકીરે—હવે.
કોના સુત તાત કોનાં માત ને ભ્રાત સર્વે સ્વારથનાં સગપણ રાખે
પ્રાણ ગયા પછી પાસે ન આવે કાદો કાદો મુખે ભાખેરે—હવે.

સારંગધર, અનંતરાય, નાગરમંડળ—૨૬

સારંગધર, } ઠીક જમજો (૨) દેડથી વટલેલ નરસિંયા સંગ,
અનંતરાય— } ધીક નાગર શ્રેષ્ઠ સરવથી નેષ્ટ તે બનિયા.

નાગરમંડળ—(હા હા) ભક્ત નરસિંહરામ ઉત્તમ શ્રેષ્ટ તેથી કયા

સારંગધર, }
અનંતરાય— } (વા વા) પાણીમાં ડુબી મરો.

નાગરમંડળ—ખર જે ખરેખરો, જાને તું હ્યાંથી પરો.

સારંગધર, } ....ઠીક જમજો
અનંતરાય— } લોક કેરા થોક નિંદે પોક દઈ રડજો.

નાગરમંડળ—(હા હા) ભ્રષ્ટ થાજો નષ્ટ તુજ કુળ ખષ્ટ પણ પડજો.

સારંગધર, }
અનંતરાય— } (વા વા) સાધુ છો શીર તણા

નાગરમંડળ—મૂકીશ નહિ મણા તને ધીઃકારો ઘણા.

સારંગધર, }
અનંતરાય— } ....ઠીક જમજો.

અંક ૩ જો.

કુંવરબાઇ— ૨૭

સીમંત સમયે સારૂં, લાવેકો મામેરૂં મારૂં (૨)
ભ્રાત નથી કે માત નથી, ઉજડ મહિયર એક તાત;
તેતો ભગત જગ રીત, સમજે ન કાંઇ જેથી હારૂં—સીમંત.
સાસુ નણંદ વાંકાં વેણુ બોલે છે દુષ્ટ દુઃખ દેણ;
લોક સરવ ગરવ ભેર બોલે છે બોલ શ્યે વિસારૂં—સીમંત.

કૃષ્ણ— ૨૮

જે ભાળ જગતની ત્રોડી ફોડી મુજ શરણુમાં આવેરે
ભવ દુઃખ તેનાં જાયે ભાગી, તાપ ત્રિવિધ નવ તાવેરે—જે.
સંસારીનું સગપણુ છોડી, ભક્તિ મારી ભાવેરે
તેનો દાસ થઈ હું દોડું, જરી શરમ નવ આવેરે—જે.
સરિતા સાગરમાં મળી, લહે જેમ વિશ્રામ
તેમ ભક્ત મુજ રૂપમાં, મળી લહે આરામ
મારે આધારે રહે, મારા ગુણુ જો ગાય
મનુષ્ય મજુરી આપતા, હુંથી કેમ રખાય—જે.

નરસિંહરામ તથા સાધુઓ—૨૯

માારૂં તારૂં મૂકી દ્યોને, ફરી ફરી નાવે ક્યાંઈ
આવો રૂડો મનખો તે ગુમાવવો ન ભાઈ—મારૂં.
ધરી જરી ગાદી સારી સુતા સદા શેઠો શાણા
લુંટી ઝુંટી માયા મેળી, કોટીપતિ કહેવાણા

ગણ્યાં નહિ જાયે તેથી, સુતો તોળી વ્હેંચે નાણાં
એવા એવા ગયા છે ચાલી ન મળે ઠેકાણાં—મારૂં.
રણે ચડે વેરી સામા ધરાને ધ્રૂજાવે ધીરા.
મુછો પરે લીંબુ ઠરતાં એવા પણ વીરારે,
દેહી બખતરમાં જેની સમાતી ન હાકણુ હીરા
ભલા ભલા કાળે ખાધા, સુણી સત્ય ગીરારે—મારૂં.

કુંવરબાઈ, વસંતરાય— ૩૦

કુંવરબાઇ—નાથ પ્યારા, બોલો સુણી ખારા, થાયે કટકા છાતીના
શાને ચીડો છો પ્યારા હું છું તમારી દારા
કરૂં ના ઘડી ન્યારા......નાથ......નાથ.

રથ હાંક્યો અર્જુનનો, એવા દીન દયાળ:
શ્યે તમને ભાવે નહિ, પ્રણુત તણા પ્રતિપાળ.

બોલો મારા કેમ ગમતા નથી, રામ હૃદય કેમ રમતા નથી:
સ્વામી સુધા કેમ જમતા નથી, જગવંદ્યને કેમ નમતા નથી.
ચેતો શાણા શ્યામ........નાથ,

વસંતરાય—નીકળ નીકળ વિષમ વચનની કહેનાર તું
મલીન કરે છે મારૂં, સદન નફ્ટ નાર તું
ખા...રી...વાણી...તા...રી...છે.

કુંવરબાઇ— ૩૧

અરે આવ્યું સીમંત શીદ મારૂં હાય માતા (૨)
જીવી કાં જગે જનની જાતાં, હાય માતા (૨)
જેવો ગોળ વિના કંસાર, તેવો માતા વિણ સંસાર—હાય.
દીવા વિના ઘર તેજ છે તેવું પિતાનું હેત છે
માતા મરી જાયા જીવી, મુવા બરોબર એજ છે—હાય.

તાના, રીરી-- ૩૨

અલી જાઓ જાઓ એંગે બોલો નંદકે લાલારો
રાધે મરેગી જુદાઇમેં, દગા દીયો કયોં પીયા—આલી.
એ સો હીયો કીયો કીયો રહેગો નાંહિ જીયા—આલી.
લગી હે આગી બિરહ ભભુકે અંગ જવાલા
બઇદ જરતહે છુવત નાડી નિજકર
ઓ ધુંવા હોવે આબ જબ ન્હાવે તીયા—આલી.
સાની સાસાગગમમ ધધ, નીનીધ નીનીધ નીની
મધની સાનીધમ સાનીધમગ મગ
ધની સાગમ ધની સાનીધ મગ મગ સાની સાગમ
મમ ધમધ નીનીની સાની સાસા મધની ગમધની
સાની ધમગ ધમગ સાસાનીધ મગમધનીની ધમગ...સાની.
ગમધની ગમધની સાનીધમ સાની સાની ધધગમ ધનીની
નીધમગ મગસાની સાસ.

કુંવરબાઇ-- ૩૩

આવશે લાવશે શ્રીહરિ સીમંતમાં
હેમ હાર હીર ચીર મોતીથાળ અંકમાં—આવશે.
પૂર્યાં પંચાળી ચીર નવસે નવાણું
ખાધું ખાંતેથી ખુબ ભાજીનું ખાણું
એક હરિ આશ બીજું કાંઇએ ન જાણું—આવશે.
હર્યાં વિરંચી વચ્છ નવાં નિપાવ્યાં
માટી ખાઇને મુખ માતા ભુલાવ્યાં
જેણે બ્રહ્માંડ માંહી કોટી બતાવ્યાં—આવશે.

નરસિંહરામ— ૩૪

નિશદિન નટવર હૃદય વસેલા—નિશદિન.
ધરો અરજ નિજ દાસતણી ઉર
છોહ કરો ઝટ છેલા—નિશદીન.
નટખટ નાગર કરે ઠેકડી;
માંથ મલીન મન મેલા—નિશદિન.
કોલ યાદ કરો કૃષ્ણ કોડીલા
બોલ સુણો મુજ ઘેલા—નિશદિન.
બાર મેઘ તમ હુકમે હાજર
વરસાવો વર વેલા—નિશદિન.

સ્રીઓ— ૩૫

આજે આનંદનો અવસર આવ્યોરે તેને પુન્યેરે
બાળક કુંવર વહુને પેટ લાવ્યોરે તેને પુન્યેરે
સાસુ સસરાને સારાં સંતોષ્યાંરે તેને પુન્યેરે
એવાં પુન્યોનાં ફળ આજે પોષ્યાંરે તેને પુન્યેરે

કૃષ્ણ— ૩૬

આવાં કામ અનેક કરીશું, કાગળ વાંચીને વિચરીશું;
લાખ કરોડો રૂપિયા દેશું, હાજર હુકમે હરદમ રહેશું
જ્યાં જઇ વેચો ત્યાં વેચાશું, વાણોતર થઈ વહેલા ધાશું
આવાં કામ.

નરસિંહરામ, તાના, રીરી—૩૭

જસોદાના જાયા ડાહ્યા સુભદ્રાના વિરારે
આવો વેલા વારે મારી હૈયા કેરા હીરારે
મારે તો છે ઓથું સાચી, આવોરે હાં વાલા આવોરે
હાંરે હાંરે લાલજી.

યાચુ છું તમ આગળે, મુજ સેવકના શેઠ;
એક હીરનું કાપડું, દીપો આપની એઠ—જસોદાના.
મામેરૂં મોટું કરી, કર્યાં કોટીનાં કાજ;
એક હીરવણી કાપડે, જાવા બેઠી લાજ—જસોદાના.

લહેરચંદ, સારંગધર— ૩૮

લહેરચંદ—શ્રીહરિ જેહનો સ્વામી, કરશો શું તેને કામી
સારંગધર—પાપીને પરસ્ત્રીય ગામી, ક્યાંથી જાણ્યા બહુ નામી
લહેરચંદ—અઢાર ક્ષોણી સેના પદચર હય ગજરથની જામી
ટીટોડીનાં બચ્ચાં તેમાં ઉગારીયાં નહીં ખામી
એ જાણી થયો અનુગામી.........શ્રીહરિ.
સારંગધર—અંગ ઉજળું મનડું મેલું હીણા હોય હરામી
વાણી વદતા વેદ તણી પણ પર દુષણના ગામી
આ પવિત્ર પદવી પામી ક્યાંથી જાણ્યા બહુ નામી
લહેરચંદ—........................શ્રીહરિ.

નરસિંહરામ વિગેરે— ૩૯

વારે ધા વિઠલા વેલો, ધોળજો રાય છે ઘેલોરે
વહાણું વંચાવશે મેલો—વારે ધા.
પ્રણુત પાળવો પદ છે તારૂં પાળ ત્રિભોવનનાથ
મોટાઇ મુકીને મુકમાં મોહન હેતે ઝાલેલો હાથ
હરી શીદ આપ હડસેલો—ધોળજો.
તાત તારા તને તેડીને ત્રિકમ ચોરી લાવ્યા ગોકુળ
તાતનાં લક્ષણુ તુજમાં આવ્યાં ચોર્યાં નારી પટકુળ
ખોસાવે કાં ખોટના ખેલો—ધોળજો.
કોડી કિમતનું સુતર કાચું, ફુલડાં કેરી માળ;
તેમાં લોભાઇને જાત તેં તારી, દેખાડી દીધી ગોવાળ
પરાણે તું આપતો પેલો—ધોળજો.

નરસિંહરામ— ૪૦

વારે ચડ વાલા મારા વ્રજના વાસી, મૃત્યુના મુખથી મૂકાવારે
શ્યામાની સોડ છોડી દામોદર આવ દોડી, હું તો કરૂં છું કાલાવાલારે
પ્યારીને મૂક પરી ભક્તની ભાળ કરી મોટાઇ રાખ તારી માવારે—વા.
અર્જુનનો રથ હાંક્યો રાધાવર રંગ રાખ્યો કૌરવના કુળને કપાવારે
ભક્ત વત્સલતા તારી વ્હાલા તે ક્યાં વિસારી જાદવા કાંદે માગું જવારે
મોરારી મોટો કીધો કાના તેં કોલ દીધો, સાહે સંકટ માંહે થાવારે
વિસારી કોલ તારો પાળજે સોગ મારો, જાજે જમુનાજીમાં નાવારે—વા.

નરસિંહરામ— ૪૧

વા વારે વાદીલા વિચારી વાત
મેં વાલ્હા વિતાવી વસમી રાત
ઠીક પધાર્યો પ્રભુ તું પ્રભાત
તો બુઢ્ઢા બળદ છુટી પુંડળ અતિ મને દોડાવીયો
પ્રીતની રાસડીથી તને નાથ્યો, તોય બંધ તોડાવીઓ.
ગોરીયો આવ્યો ગમાણે પ્રાત, મરણ મોંથી મૂકાવીયો તાત—વા.

સમાપ્ત.

રોગી અને નિરોગી બંનેને લેવા લાયક તદન વનસ્પતિની.

પુરૂષો તથા સ્ત્રીઓ માટે એક સરખી ઉપયોગી

આતંકનિગ્રહ ગોળીઓ.

આ અજાયબ જેવી દવા વિર્યની વૃદ્ધિ કરે છે. ખરેખરૂં પુરૂષત્વ આપે છે, લોહી સુધારી કાંતિમાં વધારો કરે છે, સ્ત્રીઓનાં ગર્ભાશય સુધારી ગર્ભનું પોષણ કરે છે, અજીર્ણનો નાશ કરી જઠરાગ્નિ પ્રદિપ્ત કરે છે. શરીરમાં અતિશય બળ આપે છે, દસ્ત સાફ લાવી શરીરને સ્વસ્થ રાખે છે, સ્વપ્નામાં તથા પેસાબમાં ધાતુનું જવું, પ્રમેહ, પ્રદર, આંખની નબળાઇ, ચકરી, કળતર, નબળાઈ, હિસ્ટીરીયા, માથાનું દરદ તથા પેસાબનું વારંવાર થવું વગેરે દરદો નાશ કરવામાં એ ગોળીઓ હરીફાઇ વગરનો રામબાણ ઈલાજ સિદ્ધ થએલ છે.

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આતંકનિગ્રહ ઔષધાલય—કાલબાદેવી રોડ, મુંબાઈ.